જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૧/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૦૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર, ૦૨ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૦૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૯/૨૦૨૬**

ઘાટલોડીયાઃ સંકેતભાઇ અશોકભાઇ ઠક્કર (ઉ.વ.૪૧)(રહે.ન્યુ નીકીતા પાર્ક સોસાયટી, સન સ્ટેપ કલ્બ પાસે, ઘાટલોડીયા) એ તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી તા.૨૫/૦૧/૨૦૨૬ સાંજના ૭/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના ધાબા ઉપરની વેંટીલેશન જાળીનો કાચ ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના–ચાંદીના દાગીના મળી કુલ કિંમત રૂપિયા ૧૩,૦૩,૮૦૮/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

વેજલપુરઃ વિતેશભાઇ સ/ઓ ચંદ્રકાંતભાઇ શાહ (ઉ.વ.૪૭)(રહે.ન્યુ આશાપુરા ફલેટ, આશાપુરા માતાના મંદિર સામે, જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૨૬ સવારના ૯/૩૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૮૨,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૩,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.બાબી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૦/૨૦૨૬**

આનંદનગરઃ અતીકઅહેમદ સૈયદઅહેમદ સૈયદ (ઉ.વ.૫૪)(રહે.સૈયદવીલા એપાર્ટમેન્ટ, મેટ્રોસીટી બેકરી પાસે, જુહાપુરા) એ તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૨૫ થી તા.૦૬/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસ રોડ રેડીઓ મીર્ચી ટાવર પાસે “કલા રેસીડન્સી” દુકાન નંબર ૨ અને ૩ ખાતે આવેલ અતીકઅહેમદ સૈયદના ડીસ્ટ્રીબ્યુશન હબમા કામ કરતા કર્મચારી કે ડીલવરી બોય એ હબમાં નોકરી દરમ્યાન કુલ–૫૪૯ પાર્સલ કુલ કિંમત રૂપિયા ૧૮,૮૭,૩૭૮/– મતાની ચોરી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.દેસાઇ ચલાવે છે.

કાપડની પટ્ટી ગળે વિંટાઇ જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૧/૨૦૨૬**

વેજલપુરઃ તા.૨૯/૦૧/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે જુહાપુરા સંકલીતનગર પાસે સી–વોર્ડ અબ્દુલઅઝીઝ મસ્જીદની બાજુમા અપનાનગર સોસાયટી ખાતે રહેતા ઇરફાનભાઇ ઇમામભાઇ શેખ નાઓની ૦૯ વર્ષની પુત્રીને પોતાના રહેણાંક મકાનના પહેલા માળે ખાટલા ભરવાની કાપડની પટ્ટીમાંથી બનાવેલ ઝુલા (હિંચકા) ની કાપડની પટ્ટી ગળાના ભાગે વીંટળાઇ જતા સારવાર અર્થે તેને વા.સા.હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઇ.શ્રી પિન્કલબેન ઇશ્વરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૨/૨૦૨૬**

એરપોર્ટઃ ઈશ્વરભાઈ સવાભાઈ સલાટ (ઉ.વ.૩૧)(રહે.શિવશક્તિ નગરના છાપરા સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૩૦/૧/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશભાઈ મંગુભાઈ ચલાવે છે

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી